# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૩૪ | ૫ નવેમ્બર, ૨૦૧૬, શનિવાર ; કારતક સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ભારતીય સેનાની વધુ એક સિદ્ધિ

### સી-૧૭ ગ્લોબમાસ્ટરનું ચીનની સરહદે ઉતરાણ


ગુવાહાટી, તા. ૪

સરહદે ચીન સાથે ખેંચતાણ વચ્ચે ભારતીય હવાઈદળે આજે પોતાની કુશળતા દર્શાવી હતી. પોતાના સૌથી મોટા પરિવહન વિમાન સી-૧૭ ગ્લોબમાસ્ટરને પડોશી દેશની સરહદ નજીક ઉતારી દેવામાં સફળતા મેળવી હતી. આ વિમાનને અરુણાચલ પ્રદેશના પશ્ચિમી સિયાંગ જિલ્લાના મેચુકા વિસ્તારમાં ઉતારવામાં આવ્યું હતું.

આ વિમાનને એડવાન્સ લેન્ડિંગ ગ્રાઉન્ડ ઉપર ઉતારી લેવામાં આવ્યું હતું. મેચુકા ચીન સરહદની બિલકુલ નજીક છે. દરિયાઈ સપાટીથી ૬૨૦૦૦ ફૂટની ઉંચાઈ ઉપર સ્થિત ૪૨૦૦ ફૂટ લાંબા આ રનવે ચીની સરહદથી માત્ર ૨૯ કિલોમીટરના અંતરે સ્થિત છે.

# જીએસટીમાં આમ આદમીને રાહત

### ખાદ્ય તેલ, મસાલા, ચા, કોફી ઉપર ટેક્સમાં ચાર ટકા બચત : કોમ્પ્યુટર અને પ્રોસેસ્ડ ફુડ ઉપર પણ જીએસટી દર ઓછો રહેશે : સાબુ, તેલ, સેવિંગ સ્ટીક્સ સહિતની ચીજવસ્તુઓ પણ વધુ સસ્તી : એલઈડી ટીવી પર ખર્ચ વધશે



નવી દિલ્હી,તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે જીએસટી માટે ચાર સ્તરના ટેક્સ સ્લેબની જાહેરાત કર્યા બાદ સામાન્ય લોકોમાં ચર્ચા છે. પરંતુ સરળરીતે જોવામાં આવે તો જીએસટી અમલી બન્યા બાદ સામાન્ય લોકોને સીધો ફાયદો થશે. જીએસટીની વ્યવસ્થામાં આ બાબત પર ધ્યાન આપવામાં આવ્યુ છે કે સામાન્ય વ્યક્તિ પર કોઈ બોજ ન પડે. ખાદ્યાન સહિત સામાન્યરીતે ઉપયોગમાં આવતી ચીજવસ્તુઓ પૈકી અડધાથી વધુ ચીજો પર ટેક્સ શુન્ય રહેશે. અલબત્ત આ વસ્તુ જીએસટીના હિસ્સા તરીકે રહેશે પરંતુ તેમના પર ટેક્સ શુન્ય હોવાના કારણે સામાન્ય વ્યક્તિના ખિસ્સા પર કોઈ અસર થશે નહી. આ ઉપરાંત દરરોજ ઉપયોગમાં આવતી ચીજવસ્તુઓના દર વર્તમાન ટેક્સ ટેક્સ સ્લેબ કરતા ઓછા રાખવામાં આવ્યા છે. ખાદ્ય તેલ, ચા, મસાલા, કોફી પર હાલમાં નવ ટકા ટેક્સ છે જેના બદલે જીએસટીના દર પાંચ ટકા રહેશે. એટલે કે આ ચીજ વસ્તુઓ પર

● અનુસંધાન પાન-૭ પર

## યુપીમાં મુખ્યપ્રધાનપદ માટે અખિલેશ હજુ પણ સૌથી પસંદગીના ઉમેદવાર

### અખિલેશ-શિવપાલ વચ્ચે ખેંચતાણનો ભાજપને ફાયદો થઇ શકે : સર્વે



નવી દિલ્હી, તા. ૪

ઉત્તરપ્રદેશમાં ગયા મહિનામાં સમાજવાદી પાર્ટીની અંદર વ્યાપક ખેંચતાણ અને રાજકીય ઘમસાણની સ્થિતી રહી હતી. આ ઘમસાણનો સીધો ફાયદો ભાજપને થશે તેમ હાલમાં જ કરવામાં આવેલા નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે. એક ટીવી ચેનલ દ્વારા કરવામાં આવેલા દાવામાં કહેવામાં આવ્યુ છે કે સમાજવાદી પાર્ટીમાં મુખ્યપ્રધાન અખિલેશ યાદવ અને કાકા શિવપાલ યાદવ વચ્ચે ખેચતાણનો ફાયદો ભાજપ લઈ જશે. બીજી બાજુ હજુ પણ રાજ્યમાં મુખ્યપ્રધાનપદ માટે સૌથી પ્રબળ દાવેદાર

● અનુસંધાન પાન-૭ પર

# વન રેંક વન પેન્શન મુદ્દે મોદી ખોટુ બોલે છે : રાહુલ

### સરકારે માત્ર પેન્શનમાં વધારો કર્યો છે : પૂર્વ સૈનિકો સાથે વાતચીત કર્યા બાદ રાહુલ ગાંધીએ પત્રકાર પરિષદમાં તીવ્ર ધડાકો કર્યો : પૂર્વ સૈનિકોને સન્માન ન મળતા દેખાવો જારી રહ્યા છે : રાહુલ

નવી દિલ્હી, તા. ૪

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પૂર્વ સૈનિક રામકિશન ગ્રેવાલ આત્મહત્યા કેસ અને વન રેંક વન પેન્શનને લઈને મોદી સરકાર ઉપર આજે તેજાબી પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ ભૂતપૂર્વ સૈનિકો સાથે વાતચીત કર્યા બાદ કેન્દ્ર સરકાર ઉપર આક્ષેપો કર્યા હતા કે, સરકાર ઓઆરઓપીના મુદ્દે ખોટી વાત કરી રહી છે. રાહુલે એમ પણ કહ્યું હતું કે, સરકારે માત્ર પેન્શનમાં વધારો કર્યો છે અને તેને વન રેંક વન પેન્શનનું નામ આપવામાં આવી રહ્યું છે. આજે રાહુલ ગાંધીએ ભૂતપૂર્વ સૈનિકો સાથે વાતચીત કર્યા બાદ પત્રકાર પરિષદ યોજી હતી. રાહુલ ગાંધીએ આત્મહત્યા કરી લેનાર સૈનિક રામકિશનના પરિવાર પર પોલીસ દ્વારા કરવામાં આવેલા અત્યાચારનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. કોંગ્રેસના નાયબ અધ્યક્ષે કહ્યું હતું કે, તેમના પિતાના મૃતદેહ હોસ્પિટલમાં પડ્યો હતો અને પુત્રને પોલીસ સ્ટેશનમાં બેસાડીને રાખવામાં આવ્યો હતો. રાહુલે કહ્યું છે કે, તેમને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. તેમને આનાથી કોઈ ફરક પડતો નથી. શહીદના પરિવારની ધોલાઈ કરી દેવામાં આવી હતી જે ખુબ જ આઘાતજનક બાબત છે. શહીદના પરિવારને પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવ્યા હતા. સરકારને આ સંદર્ભમાં માફી માંગવી જોઈએ. રાહુલે કહ્યું હતુ કે, એક સૈનિકને છોડી દેવામાં આવે તો

● અનુસંધાન પાન-૭ પર




## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમદાવાદ

સરદાર પટેલ માર્કેટયાર્ડ, જમાલપુર, અમદાવાદ. ટે.નં. ૨૫૩૨ ૩૬૩૪, ૨૫૩૨ ૪૫૭૭

### સંવત ૨૦૭૩ના નૂતન વર્ષ પ્રસંગે

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમદાવાદ

સર્વે ખેડુત ભાઈઓ / વેપારી ભાઈઓને / સર્વે નાગરિક ભાઈ-બહેનોને હાર્દિક શુભકામનાઓ પાઠવે છે.

જય જય ગરવી ગુજરાત

| ભવાનભાઈ બી. ભરવાડ | દિપકભાઈ એમ. પટેલ | કેતનભાઈ ડી. પટેલ |
|---|---|---|
| વાઈસ ચેરમેન | સેક્રેટરી | ચેરમેન |

• તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ •

| | | | |
|---|---|---|---|
| શ્રી રોહીતભાઈ રાવજીભાઈ પટેલ | (કુહા) | શ્રી મુકેશભાઈ વાસુદેવ મોદી | (અમદાવાદ) |
| શ્રી બિપીનભાઈ નારણભાઈ પટેલ | (ગોતા) | શ્રી જશવંતભાઈ રામાજી પ્રજાપતિ | (અમદાવાદ) |
| શ્રી હિતેષભાઈ કાંતિલાલ બારોટ | (થલતેજ) | શ્રી પ્રજેશકુમાર મનોજભાઈ પટેલ | (અમદાવાદ) |
| શ્રી ગોબરજી એમ. ઠાકોર | (લપકામણ) | શ્રી દશરથભાઈ ગોવિંદભાઈ પટેલ | (અમદાવાદ) |
| શ્રી અતુલભાઈ રતીભાઈ પટેલ | (કણભા) | શ્રી યોગેનભાઈ ભલાભાઈ પટેલ | (અમદાવાદ) |
| શ્રી દશરથભાઈ પશાભાઈ પટેલ | (કઠવાડા) | શ્રી બિપીનભાઈ કાંતિલાલ પટેલ | (અમદાવાદ) |
| શ્રી સાકેતકુમાર રૂગનાથભાઈ | (અમદાવાદ) | શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં. (શહેર), અમદાવાદ | (અમદાવાદ) |
| | | શ્રી જીલ્લા ખેતીવાડી અધિકારી, જી. પં., અમદાવાદ | (અમદાવાદ) |


## દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ

# શ્રદ્ધાંજલિ



**સ્વ. સવિતાબેન લાલજીભાઈ મહેતા**

પહેલા આંખમાં આંસુ આવતા - મા યાદ આવતી,
હવે, મા યાદ આવે છે ને આંસુ આવી જાય છે.
પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી,
વ્યવહાર કરી ચૂક્યા નથી,
અશ્રુભરી અંજલિ અર્પણ કરીએ છીએ...

| | | |
|---|---|---|
| લીના મહેતા | ધૈવત મહેતા | જ્યોત્સના મહેતા |
| સી. એલ. મહેતા | બાબુલ મહેતા | અરવિંદભાઈ એલ. મહેતા |


ગાંધીનગર સમાચાર

ગેરેન્ટેડ ગિફ્ટ

યોજનાનું નવું ફોર્મ

આગામી તારીખ ૧૦મીએ પ્રસિદ્ધ થશે

વિગતો માટે જોતા રહો ગાંધીનગર સમાચાર



ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



## ધી ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્ક લિ.

પ્લોટ નં.૩૯૧,ઘ-૪/૧,સેક્ટર-૧૬,ગાંધીનગર

સર્વે માનવંતા સભાસદશ્રીઓ, થાપણદારો, ગ્રાહકો અને નગરજનોને

દિપાવલીની શુભેચ્છાઓ અને નૂતન વર્ષાભિનંદન...

**થાપણો ઉપરનાં વ્યાજના દરો**

| | | |
|---|---|---|
| ૧. | બચત થાપણો | ૪% |
| ૨ | ૧૫ દિવસ થી ૪૫ દિવસ | ૪% |
| ૩. | ૪૬ દિવસ થી ૯૦ દિવસ | ૪.૫% |
| ૪. | ૯૧ દિવસ થી ૧૮૦ દિવસ | ૫.૫૦% |
| ૫. | ૧૮૧ દિવસ થી ૩૬૫ દિવસ | ૭% |
| ૬. | ૩૬૬ દિવસ અને તેથી ઉપર પરંતુ ૩૬ માસ | ૮% |
| ૭. | ૩૬ માસથી ઉપર પરંતુ ૬૦ માસ | ૮.૨૫% |

સિનિયર સિટિઝનને ૦.૨૫% વધુ વ્યાજ આપવામાં આવે છે.

**શાખાઓ**

(૧) હેડ ઓફીસ, સેક્ટર-૧૬
(૨) સચિવાલય, મીનાબજાર
(૩) જી.ઈ.બી. કોલોની
(૪) સેક્ટર-૨૪ ચાર રસ્તા
(૫) સેક્ટર-૩/ડી, ઘ-૨ કોર્નર
(૬) ચાંદખેડા, જનતાનગર
(૭) સરગાસણ અટ્રીયા બીલ્ડીંગ, શોપ નં. ૧૪,૧૫,૧૬

**વિશેષ સેવાઓ**

- ગુજરાત ગેસ બીલ કલેક્શન
- સ્ટેમ્પ ફ્રેંકીંગ સેવા
- ઈન્શ્યોરન્સ સેવા




**ધિરાણ ઉપરનાં વ્યાજના દરો**

| | | |
|---|---|---|
| ૧. | નવા મકાન હાઉસીંગ લોન | ૧૦.૫% |
| ૨. | હાઉસીંગ લોન | ૧૨% |
| ૩. | ટુ વ્હીલર ધિરાણ | ૧૧% |
| ૪. | ફોર વ્હીલર ધિરાણ | ૧૧% |
| ૫. | પેસેન્જર તથા લોડીંગ વ્હીકલ | ૧૨% |
| ૬. | એન.એસ.સી.લોન | ૧૧% |
| ૭. | શૈક્ષણિક લોન | ૧૧% |
| ૮. | સીક્યોર્ડ લોન | ૧૨% |
| ૯. | અન સીક્યોર્ડ લોન | ૧૨% |
| ૧૦. | કન્ઝ્યુમર ચીઝોની ખરીદી | ૧૨% |
| ૧૧. | હાઈપોથીકેશન લોન | ૧૨% |
| ૧૨. | હાઈપોથીકેશન કેશક્રેડિટ લોન | ૧૧.૫% |
| ૧૩. | વ્યક્તિગત લોન | ૧૩% |
| ૧૪. | ફિક્સ ડિપોઝીટ રસીદ લોન તથા ઓવરડ્રાફ્ટ | ૧% વધારે |

નોંધ : સિનિયર સિટિઝનની ઉંમર થાપણો મૂક્યા તારીખે ૬૦ વર્ષ ઉપર થયેલ હોવી જોઈએ.

આપની તમામ ક્ષેત્રે ઉભી થયેલ જરૂરિયાતને સંતોષવા સસ્તા દરે નાણાંકીય સહાય આપવા અમો હંમેશા તૈયાર છીએ.

VASUDEV IMAGE



## VAIBHAV FURNISHINGS INC.

RETAIL SHOWROOM & FACTORY OUTLET

તૈયાર પડદા 30% છૂટ

દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.

D'DECOR | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT

• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS

Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151

Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONIOCS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651